૪૮૪૮

નવા

चापराजनां नाटकना

ગાયન*

છપાવી પ્રસીદ્ધ કરનાર

છોટાલાલ છગનલાલ.

अमदावाद

પાનકોરને નાકે બુલાખીદાસ નારણદાસે

પોતાના સત્યપ્રકાશ પ્રેસમાં

છાપ્યાં.

કીમત ૨ આના.

चापराजनां नवा नाटकना गायन.

નન્દી.

તું અંતરજામી પ્રભુઆ, તું અંતર જામી
જળ નીપાયા સ્થળ નિપાયા,
સબ રંગ તૂંહી બનાયા;
તૂંહી તૂંહી શબ્દ રટું મુખ ગાજી;
શશિ ઇંદુ સોભાયા. તું અંતરજામી०
હે દુઃખ ટાળક બાળક પ્રતે; (૨)
દે અવગુણ વામી. પ્રભુ આ તું અંતરજામી०
લોકો કાજે હરી મા'રાજે.
ઝલ દિપે .આજે;
શા'ય આપીને બા'ય ઝાલવજે;
દુઃખડા તું ભાજે. તું અંતરજામી०
વિઘ્ન નિવારણ ધારણ આપે; (૨)
વિશ્વ તણા સ્વામી. પ્રભુઆ તું અંતરજામી०

સુમદના.—(સોનરાણીને વૃક્ષ લતાઓ તરફ હાથ કરીને)

નવીન રાહ.

ચંબેલી ખીલીઆ તેને ઊપમાં શું દઉ,
ખટ-મોગરાની બલીહારિથી હારિ હારિ જાઉં
ગુલાબાં ગુલાબગૌર ગૂઢ પુષ્પ આ,
કેતકી કેશવ કેવી, વ્તુધને બોલાં. • ચંબેલી•

ચણી સોનરાણી તરફ વિચાર કરીને કહેછે;--

ગજલ.

(ઇદ્રસભાના રાગની.)

શું સ્વરૂપ ! સુંદરીનું શૈવી શું, હશે?
ક્યાંતો રાણી રંભા રતી રૂપ થૈ બસે?
ક્યાંતો રાણી ઇંદ્રકેરી પ્યારી અપસરા?
સોનાનું સ્વરૂપ સોના વર્ણવું કહાં-?

ચાંપરાજ.

લાવણી.

(મુજ ઉપર ગુજરી- એ રાહ.)

મુજ પ્રિયા પ્રાણ આધાર, પરમ પ્રિય મારી;
હું ત્રણ દિવસે આંહી, આવિઓ વાંલી; મુજ•
તે કીધા ત્રણ અપવાસ, પતિવ્રત સાચું;
મને ધન્ને બહુ ધિટકાર, મુખેં મે ખાધું. મુજ•

હું મનો જુલી સો ભાન, રહીશ તુ જુખી;
મેં ઈચ્છ્યું સારી પેઠ, રહી તુ દુઃખી. મુજ૦
જેહ પતિવ્રતાતો મુખ, ધણિનું ખાયે;
જો આવે ધણિને દુઃખ, તરત તે ધાયે. મુજ૦
પણ મારા જેવા ધણી, હોય બડ ભાગી;
તો કાંચન રૂપની મંહી. ઘાટ મેખ વાગી. મુજ૦

બનજારો.

(મુજે છોડ ચલા બનજારા એ રાહ.

હવે આવ્યા છ માસ જવાનાં;
તું મનમાં દુઃખી થામાં, પ્રીયા મનમાં. હવે તું૦
અકબર વર્તે ન્યાયની રીતે,
વર્તે શુર વીર સાથ સુપ્રિતે ;
તેથી જાઉં ખચીત વા'લા તું૦ હવે૦
સુશિક્ષિત નારને શું કે'વું
દેવી દુઃખ કાયાએ સે'વું ;
પતિવ્રતા ન એકલી રયામા. તું૦ હવે૦
બડકું જાશ ન ખાતી વા'લી,
મુગ્ગી તું છે શરીરે કાલી ;
તજી મુલાકી થાય ફિકી ના. તું૦ હવે૦

સોનરાણી:—

રાગ વેલાવર

(સહિઅર દુઃખ શું દાખવું એ રાહ.)

પ્રાણ પતી પ્યારા માહરા, જાઓ છોડી મને ;
દર્શન વિના અંહી આપના, નહી ખાવું ગમે. પ્રાણ૦
દિવસ વરષ સમ લાગતો, જાણે વસ્ત્ર સાપ ;
ફીકું લાગે ગાયું આ સમે, જ્યારે દેખું આપ, પ્રાણ૦
જાતા આપ અંહી રાત, જેવું લાગે ઠીક ;
વર્તો હરી શાંતિ કરે, આપો સુખડા અધીક. પ્રાણ૦
હરકત ન હોય આપને, તેડી જાતા સાથ;
તેડી જાઓ હું અબલાને, વિનતી કહું છું નાથ. પ્રાણ૦
હઠ કરતી જાણી જોઈને એવી ઉલટું દુઃખ ;
પ્યારા તમારા વિના મને. કહો સાથી સુખ; પ્રાણ૦
આતો છ માસ વિતે અહીં, થાય ઉપર દિન ;
જાવ મારો રે'શો નહી, એટલું કહું દીન. પ્રાણ૦

બાપરાજ:—

(જુઓ જુઓ વિપ્રે બિડી હામ એ રાહ.)

શાને વદો કઠોર વચન; ક્ષત્રિ બસ્યો તે કેમ શોંશેર.
ક્ષત્રિ લેશે કેમ કલંક ; ક્ષત્રિ૦
એતો છઠ્ઠો વાળે આડો અંક ; ક્ષત્રિ૦

શું થયું સતિ સત્યાનાશ ; ક્ષત્રિ૦
ત્યારે કેમ ન થાય જુનારા ; ક્ષત્રિ૦
હજી જીવે પ્રભુને પ્રતાપ ; ક્ષત્રિ૦
શું વચન વદોછો આપ ; ક્ષત્રિ૦
મારા ગૃહે પતિવ્રતા નાર ; ક્ષત્રિ૦
જાઓ કરો તપાસ તે ઠાર ; ક્ષત્રિ૦

ગઝલ

શેરબેંક— (ઇંદ્રસભાના રાગની.)

બાદશાહ મેં કયા કહું ઓ બેઅદબ બુરા ;
સકળ કમ બેઠ રહ્યાં ઉઠીયા શુરા. બાદશાહ.
પતિવ્રતા નારી ઊને ઘેરજો રહી ,
રાજા એને હુદર મેં તો જાતહું નહીં. બાદશાહ.
ઝીણી જેને ખબર કાઢું હું ચુંદી કોટાં ;
શુળિએ ચંઢાના પછી જો પડે ખોટા ; બાદશાહ.
અગર જુઠા મેં પડુતો શુળિએ ચંઢું ;
કોણ માઇ પુત એસા ઝડપિયું બીડું. બાદશાહ

બીરબલ—

(ગરહમને દીલ સનમકું દીયા, એ રાહ.)

હઠ કરી તુંજા નહીં, એ ક્ષત્રિ કેરો તન ;
પસ્તાવુ પડે પછીથી, દિલ થશે પતન. હઠ.

ક્ષત્રિ કેરો આંખ્યો મળ્યો. હોય શુરવીર ;
પતિવ્રતાનો ધર્મ પાળે, શુદ્ધ વચન. ૬૬.
શાહુઅસવાર ના કહીને, રોકું છું તને ;
સાહસ કર્મ તું કરેછે, સુખના વિધ્ન. ૬૭.
માન હજી મારૂં કંઇ ચુપ કરને બચે ;
એમ ના કહોરા તો તો તું થશે પતન. ૬૮.

રાગ આશાગોડી.

સાહસ કીધા અવિચારી, ખુદા મેને સાહસ કીધા અવિચારી
ક્ષત્રિ સાથે બાથ ભીડી મેને, જેની પ્રતિવ્રતા નારી. ખુદા.
માલન સરખી પ્રપંચ કરકે, ચંડ શકત ન અટારી. ખુદા.
મરાણુ ગેરા ટુંકડા આયા, અબી કરના કંઈ બારી. ખુદા.
દેશી રીતશે એો પકડાયે, અગર હુંવે કયું જારી. ખુદા.

સેરબેક — રાગ મિશ્રિત માઢ.

પગ ગયો કુટી, મારો પગ ગયો તુટી ;
કપટ કેરી દોર બાંધી તે ગઇ છુટી. પગ.
પ્રથમ ચોકીદાર એક સુરદાસજી ;
પગ આવાજે ડાંગ મને મારીજો છુટી. પગ.
ભાઈ મને નથી તુજ દામ જોઇતા ;
પઇસા લેતા થઇશ હું તો પ્રાણ વિછુટી. પગ.
કામ તારૂ કરજે ગમે તેમ તું કરી ;
પ્રાણ મારો જાય જેમ ભાંગી આ ઘુંટી. પગ.

જંતુ એક ઓછું તદા સાંચને નહીં;
તો તું તેની કેવી રીતે લાજ લે લુટી. ૫૭.

(નાથ કૈસે ગજકો બંધ છુડાયો. એ રાહ.

પ્રભુ• તોહે કામ કીયા બોત સારા, અતોશી જોયા દુઃખકા ભારા.
બોત ભિકટ જો કામ લીયાથા. સફળ હુઆ જનમારા. પ્રભુ.
તેરી કૃપાસેં પાર પડાહે, નમુ નમુ દિન દયાળા. પ્રભુ.
સંબકા દેખત આંસો બનકે. શુભા અંડાવું બાડા. પ્રભુ.
ડંકા હોયગા રાજસભામેં, ઝેલ મચેગા બાડા. પ્રભુ.

—<>—

ગજલ*

એકથી અનેક સુધી હું જામીનગાર;
ચૂક તેમાં જો પડેતો જાન હું દેનાર. એક
રજા દિયો સરકાર આદી હું રહુ હજુર;
કપટ ઝોટ ભંગ થાય પ્રગટે શગ નૂર. એક
આપો રજા રાયજી રાખીને હું વિશ્વાસ;
જરીક મોડું થાય એને અર્પે જાન દાસ. એક

(જમુના તટ બંસી બાજરહી એ રાહ.)

શીદ મોકલતા, શીદ મોકલતા;
ભાઇ પુત્ર તમો શીદ મોકલતા. ટેક.
રસ્તે મુજને મોડું થાય કાંઇ દિલમે ધરો ધિરતા; શીદ.

જાન તમારે આવો પડશી શીદ તમે છઠ ધરતા. શીદ.

આપરાજ—

(એદાદ મુજે યાદ હે વલા[illegible]મારી એરાહ.)

ફીટકારછે ફીટકાર તને નારીને ફીટકાર,
ધિઃક તારા જાતને શું કીધો [illegible]. ફીટ.
પતિવ્રતાનું ડાળ ઘાલે પતિની સાથ તું;
અંતે તને આવુ સુઝયું ધિકછે અવતાર. ફીટ.
કુળ લજાવ્યું મુળ લજાવ્યું ધણિ લજાવિયો,
પ્રાણ જશે મારો આ તુજ કાજ નાર. ફીટ.
નફટ જરા નાવી શર્મ કર્મ શું કર્યું;
ધર્મ તજી મર્મ તારો ના ગણ્યો તે વાર. ફીટ.
જોગી રાજા ભરથરી તે નારી કાજથી,
અર્ણ રૂપ મારૂં થશે નીચ હાથ નાર. ફીટ.

ફીટકાર છે. ફીટકાર તને,
ધિઃકારછે, ધિઃકાર તને,
તારી જાતને ધિઃકાર,
તારી માતને ધિઃકાર

અને ધિઃકાર તારી સાથ પરણનારરે!
ધિઃકાર ધિઃકાર ધિઃકાર!

સોનરાણી-

(જુઓ [illegible] ચિત્રે ભીડી હામ એ રાહ.)

આવ્યા આવ્યા [illegible]ાણ નાથ; મનેતો ધીટકાર કીધોરે.

એ શું કર્મ [illegible] દિનનાથ; મને.

શું [illegible] વાત; મને.

આશું કહી ગયા પ્રાણનાથ; મને.

[illegible] જીવતર મારૂ ધુળ; મને.

આ હું પતિવ્રતા નાર, મને.

શું બોલ્યા કર્યો વ્યભીચાર; મને.

ઝટ આવી ગયા શાં કેમ; મને.

નથી ઉભા રહ્યા પુછી ક્ષેમ; મને.

નથી સાંભળી મારી વાત; મને.

એકદમ ગયા પ્રાણનાથ; મને.

સહાય થશો દીનબંધુ, કૃપાળુ સહાય થશો દીનબંધુ:

પતિવ્રત ધર્મ હું ચુકી નથીજી, કેમ કોપ્યો હશે સીંધું કૃપાળુ

હું પર વાદળ કહાંથી આવ્યું, કંલકી આ સંધું: કૃપાળુ.

મુજપર રે'મ કૃપાનિધિ આપો, કાપજો કષ્ટ હે સંધું કૃપાળુ.

સતિઓ કેરા સત્ય સચવાવ્યા; તેમજ ઉગારજે વિભુ કૃપાળુ.

દ્વિપ કરથી હું વદન કરતી આપ તું નેન હું અંધુ કૃપાળુ.

વસંત તિલકા વૃત્ત.

હા પ્રાણ નાથ તમ પ્રાણ સુમિત્ર કાજે.
એથી ભલુ ન બહિઆ, મુજ અન્ય ભાસે;
હા આજના દિવસને [illegible].
રે ! હું મરીશ ઝુરીને ! પણ ધન્ય વાહ.

ચાંપરાજ— રાગ વેલાવર.

(વનચર વિરા વધામણી એ રાહ.)

ધન્ય બંધુ મારા સત્ય તું, સત્ય તારી સુટેક;
કાર્ય કીધું દેહજ સુધી, જનણી મિત્રની નેક. ધન્ય.
ધિઃકાર મારી જાતને, ધન્ને બહુ ધિટકાર;
વાર લગાડી આવતા, તુટયો હોત કરાર. ધન્ય.
ઘા આ મુજ શીર લાગતે, મરતે માગે સુમિત્ર;
કાણુ રે નિર્મલ એવો આ શમો, હેય શુદ્ધ પવિત્ર. ધન્ય.
તારા સમો નહીં મુજને, મળશે સન્મિત્ર;
જય જય થાઓ સદા તને જેની પ્રિતી પવિત્ર. ધન્ય.

બાલાડસીંહ. શિખારીણી વૃત.

પ્રભુ આપ્યો તે ક્યાં; સજન મુજ સ્નેહી મરીજવા.
હિવુ એતે તે શું, ક્યમન મુજને દે તુ મરવા;
નહીં જોવાવાનુ. મરણ મુજ સ્નેહીજન તણું.
મરી જવા એના, જગત મહી હું રંક બુજ ઘણું.

કાનરાણી :—

(રાગ પ્રેમાનંદના વણઝારાનો.)

હું કહું પિતાજી વાત; જે દુખ કાં'ણીરે.
તે સુણજો મારા તાત; હરદે ધીર આણીરે.
હું છું પતિવ્રતા નાર; જે દુઃખ કાં'ણીરે.
તે કલંક કરી વ્યભીચાર; હરદે ધીર આણીરે.
મધ્યરાતે આવ્યા નાથ; જે દુઃખ કાણીરે.
તેણે ધિઃકાર મારી જાત; હરદે ધીર આણીરે.
આ સાંભળી મુજને કપાલ; જે દુઃખ કાં'ણીરે.
મગદી ચરણથી ઝાળ; હરદે ધીર આણીરે.
હું જાઉં દીલ્લી તે કાજ; જે દુઃખ કાં'ણીરે.
ત્યાં કેવી હકીગત આજ; હરદે ધીર આણીરે.
આ રૈયત સોંપું હાલ; જે દુઃખ કાં'ણીરે.
કરજો તેની સંભાળ; હરદે ધીર આણીરે.
રાજ ચલાવજો શુભ પેર; જે દુઃખ કાં'ણીરે.
હું દીલ્લી થઇશ જાહેર; હરદે ધીર આણીરે.
જો પ્રાણપતિ તજે પ્રાણ; જે દુઃખ કાં'ણીરે.
તો હું યે મરીશ નિરવાણ; હરદે ધીર આણીરે.
આ'વું આવ્યું શીર કલંક; જે દુઃખ કાં'ણીરે.
આજ મુકી જાઉં નિરાંક; હરદે ધીર આણીરે.
તમને મળશે ન તેની માફ; જે દુઃખ કાં'ણીરે.

માગે વિનતી કરીને સાહ ; ઉરદે ધીર આપુર

છોરીયા—

રાગ સુભગા.

ન હો, ન હો, ન આગ હો ન બિગર બીચારકે.
કીસીકે શીરપે આજ હોનિ બિગર બીચારકે. ટેક.
ફીરતી ફીરતી સબ છાંયરી
જહાંહ દુનિયાં મેહ જણાય ; નહો૦ (૨) કીશી (૨)
ધુળ હુવે જુદી કાંચનસે
દુરિજન દુષ્ટ કહાય ; નહો૦ (૨) કીશી (૨)
દંપતી કેરા સુખદ પ્રેમકી ;
બાત અબ બહે બાત ; નહો૦ (૨) કીશી (૨)
લંપટ સુસમે મેખ રખેગા ;
મરેગા ફીર એકે થાત ; નહો૦ (૨) કીંશી. (૨)

છોઠીયાં—

(જનુની જીવાર ગોપીચંદની એ રાહ)
વિતક વિત્યા મુજને ઘણા ; થઈ ગુણકા નારજી ;
હવેર ગુણીકા હું નથી, મારો હાડો ભરથારજી.
શાહ શુણા દીલ્લી પતી

બીરબલ—

ધન્ય ખુદાબીદ હિરંદ, ધન્ય ક્ષત્રાણી જાતજી;
સંસય મનમે નહી કીયા, આઇ ચલ કે'ને બાતજી.
સાચી બાત દિલ્લીપતી.

સોનરાણીઃ—

મથીરે મારૂં મોં'ડુ જોયું, એતો સાચી પિતા વાતજી;
હઠમાં મેં સાર બધો લીધો, જુઠુ એનુ વૃતાંતજી.
પિતા શુણો દીલ્લી પતી.

સોનરાણી—

(શ્રી જગતપતિનો રાહ.)

જ્યારથી મુજ પતી, આવ્યા અધીપતી,
અફસોસિની હું તહીંયાં ત્યારથી સતી. ટેક.
ખાન પાન કરવું હરવું ગમતુ મુજને નહી;
ધ્યાન ધરી શેવામાં પતિનુ રે'તી સખિહું તહી. જયારથી.
આવી હાજી ઝાઝી કીધી બોલ થકી ધીટકાર;
વાત ન સુણી મારી કશીએ બહુ કીધો ધીકાર. જયારથી.
વીજળી ચમકી ઝબકી ચાલ્યા જયમ આકાશે થાય;
"તારે કાજે શીર જવાનુ" ધીકરે સતી વૃથાય. જયારથી.
મેં પુછયું રે શાને માટે પ્રત્યુતર ત્યાં નહીં;
આવ્યાં આવ્યાં ચાલ્યા ચાલ્યાં આવી વાતો થઇ. જયારથી.

માનરાણી:—

માલિની વૃત્ત.

નહી નહી નહી માઇ, મુખ શાને બતાવું,
રિતિ રિતિ રિતિ આછે, તે જણાવું;
નથિ નથિજ હવે ત્યાં, જાણજો હું સુશીલી.
વધુ વધુ વદુ હું શું આપની પાસ પીતા

આપેરાજ —

જનક જનક એ છે, આપણા જાણજે તું,
નથિ નથિ નથિ કાશ, મુખ દેખાડરે તું;
નિજ જનક કને તો, છોકરાઓ રમે છે,
મુખ મુખ બતલાવ, એ પિતા આસમે છે.

અ૦બાર:—

બુરા કામ ત્યાં તેને કીઆ હૈ,
મગર દયા દિલમેં લાવું;   શેરબેક શુણીઅ.
ખુણી તુજકું આગા મીલેગા.
મગર આ હાથ ઉઠાવું;   શેરબેંક શુણીઅ.
તેન ખોટા બાન ચુમાવા,
કપટ કીયા કુ-પકારા;   શેરબેક શુણી.અ
સાયકા સરેજ જય હોતા,
પકતાતા હૈ દુરાચારી;   શેરબેક શુણીઅ
તેરી ખુરીમેં મકુજ કરતા,

મુજ નશા નહીં થાતા; શરમેક શુણીઆ.
માસન હુંઇએ ભઇ મેરી,
ઉસ્કું હે। સુખ શાતા. શરમેક શુણીઆ.

અકબર:—

પ્રીયા તારા ઊપર જુલમ ગુજાર્યો ભારી;
કાંઇ કરી અવિચારી. પ્રીયા.
મને લાંકે થશે ધીક્કારા, મારો અફળ ગયો જન્મારો;
હવે તે શું રે કરૂં કીરતારાંરે પ્રીયા.
માફ તું મુજને કરજે. કાંઇ રેંગ મારાપર ધરજે;
હવે પસ્તા તે હું અવિચારીરે. પ્રીયા.

સરવે ગાય—

એશ થયો આ પુરો, સજ્જન એશ થયો આ પુરો;
સત્ય સતિનું કથમ સચવાણુ
હરમરે બચ્યાતે દુઃખથી.
કપટીને પસ્તાવો કેવો;
બળવીને કહ્યું મુખથી; એશ.
અાપગાજનો શુરો સજ્જન. (૨)
દંપતી સર્વે સ્નેહી થાજો;
બનજો સદા એક દિલ;

મીત્રની રીતી વર્ણી બતાવી.
એવા થજો એક બાળ. એબ૦
ફરી ફરી આપ પધારો; સજજન. (૨)

સમાપ્ત